# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૬ તા.૨૧-૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૫-૧૬ ની ચાર દિવસીય ક્લસ્ટર કક્ષાની તાલીમની જોગવાઇ મંજુર થયેલ છે. તે પૈકી ત્રણ દિવસીય ક્લસ્ટર કક્ષાની તાલીમ પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીની એક દિવસીય ક્લસ્ટર કક્ષાની તાલીમ તા. ૨૩/૦૧/૨૦૧૬ ને શનિવારના રોજ આ સાથે સામેલ ધોરણ અને વિષય પ્રમાણે આયોજન કરેલ છે તે સ્થળોએ તાલીમ યોજાનાર છે.

એમ.એચ.આર.ડી. ન્યુ દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં સી.આર.સી. બેઠક/તાલીમ ઉપર વિશેષ ધ્યાન/ભાર આપવાનું સૂચવાયું છે. જે અન્વયે ક્લસ્ટર કક્ષાની એક દિવસીય તાલીમમાં નીચેના મુદ્દાની ચર્ચા કરવામાં આવશે. આ માટે નીચે મુજબની તૈયારીઓ કરીને શિક્ષકે ક્લસ્ટર કક્ષાની તાલીમમાં આવવાનું રહેશે.

- ગત માસમાં કરેલ વર્ગ શૈક્ષણિક કાર્યની સમીક્ષા
- આવનાર માસમાં કરવાની થતી વર્ગ શિક્ષણ કાર્ય માટે પૂર્વ તૈયારી નું આયોજન
- સામગ્રી નિર્માણ તથા હાર્ડ સ્પોર્ટ પર પ્રત્યક્ષ નિદર્શન

➢ તાલીમના વિષયવસ્તુ

- ❖ ધોરણ ૧ અને ૨ કલરવ, ફૂંજન, કલ્લોલ
- ❖ ધોરણ ૩ થી ૪ ગુજરાતી/પર્યાવરણ, ગણિત, હિન્દી અને અંગ્રેજી
- ❖ ધોરણ ૫ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગણિત, પર્યાવરણ
- ❖ ધોરણ ૬ થી ૮ ભાષા, સામાજીક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી
- ❖ ધોરણ ૧ થી ૮ સ્વચ્છતા સંબંધી વિષયવસ્તુ

➢ તાલીમના મોડ્યુલ

સમગ્ર તાલીમ દરમ્યાન રાજ્ય કક્ષાએથી બ્લોક કક્ષાની તાલીમ દરમ્યાન આપવામાં આવેલ તાલીમ મોડ્યુલ વર્ગમાં સાથે રાખી તેમજ નોંધ કરવાની રહેશે. જો તાલીમ દરમ્યાન મોડ્યુલ જોવા નહી મળે તો તેની જવાબદારી જે તે શિક્ષકની નક્કી કરવામાં આવશે. તાલીમ દરમ્યાન વિષયના પાઠ્યપુસ્તક સાથે રાખવાના રહેશે.

➢ તાલીમનો ખર્ચ :

તાલીમમાં પ્રતિ શિક્ષક રૂ. ૯૦/- પ્રમાણેની ગ્રાન્ટ ફાળવવામાં આવશે. જેમાં રૂ. ૪૫/- ની મર્યાદામાં રીફ્રેશમેન્ટ (ભોજન) જે માટે સમિતિ બનાવી આયોજન કરવાનું રહેશે.

- તાલીમમાં ભોજન માટે ૫૦ શિક્ષકોએ એક કાઉન્ટર ગોઠવવાનું રહેશે.
- ભોજન અને વ્યવસ્થાપક સમિતિનું અગાઉના પરિપત્ર મુજબ આયોજન કરવાનું રહેશે.
- વાહન ભથ્થું

રૂ. ૪૦/- ની મર્યાદામાં વાહનભથ્થુ આપવામાં આવશે. (સ્થાનિક શિક્ષકોને વાહન ભથ્થુ ચૂકવવામાં આવશે નહી) જે તાલીમાર્થીના સેલરી એકાઉન્ટમાં ઇ-ટ્રાન્સફર કરવામાં આવશે. માટે તાલીમાર્થીએ બેંક એકાઉન્ટની વિગતો રજુ કરવાની રહેશે.

- તાલીમનો સમયગાળો :
  - શિક્ષક તાલીમનો સમય સવારે ૭ થી ૧ કલાક (૩૦ મિનિટ રીશેષ સહિત) રાખવાનો રહેશે.
  - પ્રજ્ઞા શિક્ષકોએ ક્લસ્ટર તાલીમમાં જણાવેલ સ્થળે તાલીમ મેળવવાની રહેશે.
  - તાલીમની આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
  - તાલીમ દરમ્યાન તાલીમાર્થી મોબાઇલ કે ઇલેક્ટ્રોનિક્સ વસ્તુનો ઉપયોગ કરી શકશે નહી.
  - તાલીમના સ્થળે સમયમર્યાદામાં હાજર રહેવાનું રહેશે.
  - તાલીમ દરમ્યાન મળેલ વિષયવસ્તુનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો રહેશે.
  - તાલીમમાં ગેરહાજર કે વચ્ચેથી ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ મદદનીશ શાસનાધિકારી પાસેથી રજા મંજુર કરાવવાની રહેશે.
  - તાલીમના સ્થળ અને વર્ગખંડમાં સ્વચ્છતા જળવાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.
  - તાલીમની હાજરી રાજ્ય કક્ષાએ ૭:૨૦ સુધી જણાવી દેવાની હોવાથી ૭:૧૫ પછી આવનાર શિક્ષકને ગેરહાજર ગણવામાં આવશે.
  - ક્લસ્ટર કક્ષાની તાલીમના દિવસે (તા: ૨૩/૧/૨૦૧૬ ના રોજ) શાળાના મુખ્ય શિક્ષકશ્રી, એસ.એમ.સી. ના સભ્યો અને વાલીઓની મદદથી શાળામાં અનઅધ્યયન રાખી બાળકો માટે મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા ફરજિયાત કરવાની રહેશે. શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ તેમની શાળામાં શાળા સમય દરમ્યાન પૂર્ણ સમય માટે ફરજિયાત હાજર રહેવું.

તા.૨૧-૧-૧૬

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્લસ્ટર કક્ષાની તાલીમના સ્થળો :

| ઉત્તર ઝોન | | | |
|---|---|---|---|
| ધોરણ | વિષય | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ |
| **1** | | સરસપુર શાળા નં. ૩/૪ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ધો.૧ ના શિક્ષકો |
| **2** | | કુબેરનગર અંગ્રેજી ૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ધો.૨ ના શિક્ષકો |
| **3** | | અસારવા શાળા નં.૮ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ધો.૩ ના શિક્ષકો |
| **4** | | અસારવા શાળા નં.૯ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ધો.૪ ના શિક્ષકો |
| **5** | | પ્રિતમપુરા શાળા નં. ૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ધો.૫ ના શિક્ષકો |
| **6 to 8** | ભાષા | સૈજપુર શાળા નં. ૫ | ઠક્કરબાપા, પોટલિયા, નરોડા રોડ, સૈજપુર, દરિયાપુર, સરસપુર |
| **6 to 8** | ભાષા | હાંસોલ ૧ | અસારવા, ગિરધરનગર, સરદારનગર, નરોડા મુઠિયા, કુબેરનગર |
| **6 to 8** | એસ.એસ. | ઠક્કરબાપાનગર ૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ૬ થી ૮ ના શિક્ષકો |
| **6 to 8** | ગણિત-વિજ્ઞાન | સ્કાઉટભવન | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ૬ થી ૮ ના શિક્ષકો |
| **1 to 4** | પ્રજ્ઞા | સરસપુર શાળા નં. ૧૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડના ૧ થી ૪ ના પ્રજ્ઞા શિક્ષકો |
| દક્ષિણ ઝોન | | | |
| ધોરણ | વિષય | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ |
| **1 to 2** | | કાંકરિયા ૧ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો.૧ થી ૨ ના શિક્ષકો |
| **3** | | હીના વોરા પ્રા. શાળા | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો.૩ ના શિક્ષકો |
| **4** | | મણિનગર ૬ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો.૪ ના શિક્ષકો |
| **5** | | દાણીલીમડા ૩ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો.૫ ના શિક્ષકો |
| **6 to 8** | ભાષા | મણિનગર ૪ | બહેરામપુરા, વટવા, ઇસનપુર, બાગેફિરદોશ |
| **6 to 8** | ભાષા | કાંકરિયા ૬ | મણિનગર, કાંકરિયા, જમાલપુર, ખાડિયા, દાણીલીમડા, રાયખડ |
| **6 to 8** | એસ.એસ. | બહેરામપુરા ૯/૧૦ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો. ૬ થી ૮ ના શિક્ષકો |
| **6 to 8** | ગણિત-વિજ્ઞાન | સ્કાઉટભવન | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો. ૬ થી ૮ ના શિક્ષકો |
| **1 to 4** | પ્રજ્ઞા | બાગેફિરદોશ ૧/૨ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડના ધો. ૧ થી ૫ ના પ્રજ્ઞા શિક્ષકો |
| પશ્ચિમ ઝોન | | | |
| ધોરણ | વિષય | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ |
| **1 to 2** | | વાડજ ૨ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડના ધો.૧ થી ૨ ના શિક્ષકો |
| **3 to 4** | | શાહપુર ૧૧ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડના ધો.૩ થી ૪ ના શિક્ષકો |
| **5** | | એલિસબ્રીજ શાળા નં.૨ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડના ધો.૫ ના શિક્ષકો |
| **6 to 8** | ભાષા | વાસણા ૩ | તમામ વોર્ડના ભાષાના શિક્ષકો |
| **6 to 8** | એસ.એસ. | એલેસબ્રીજ ૧૭ | તમામ વોર્ડના એસ.એસ. ના શિક્ષકો |
| **6 to 8** | ગણિત-વિજ્ઞાન | સ્કાઉટભવન | તમામ વોર્ડના શિક્ષકો |
| **1 to 5** | પ્રજ્ઞા | સાબરમતી ૫/૬ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડના ધો. ૧ થી ૫ ના પ્રજ્ઞા શિક્ષકો |
| પૂર્વ ઝોન | | | |
| ધોરણ | વિષય | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ |
| **1** | | બાપુનગર ૫/૬ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો.૧ ના શિક્ષકો |
| **2** | | ગોમતીપુર ૪ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો.૨ ના શિક્ષકો |
| **3** | | ખોખરા ૨ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો.૩ ના શિક્ષકો |
| **4** | | અંબિકાનગર ૧ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો.૪ ના શિક્ષકો |
| **5** | | અમરાઇવાડી ૧૧ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો.૫ ના શિક્ષકો |
| **6 to 8** | ભાષા | બાપુનગર ૧૩ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો. ૬ થી ૮ ના શિક્ષકો |
| **6 to 8** | એસ.એસ. | ખોખરા ૧૨ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો. ૬ થી ૮ ના શિક્ષકો |
| **6 to 8** | ગણિત-વિજ્ઞાન | સ્કાઉટભવન | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો. ૬ થી ૮ ના શિક્ષકો |
| **1 to 4** | પ્રજ્ઞા | અમરાઇવાડી ૧૬ | પૂર્વ ઝોનના તમામ વોર્ડના ધો. ૧ થી ૪ ના પ્રજ્ઞા શિક્ષકો |